EAST MAINE
SCHOOL DISTRICT 63

પ્રિય માતાપિતા અથવા વાલીઓ,

ઇલિનોઇ રાજ્યની જરૂરિયાત છે કે અંગ્રેજી ભાષા શીખનારાઓ (ELLs) તરીકે ઓળખાતા *તમામ* વિદ્યાર્થીઓ દર વર્ષે **અંગ્રેજીના મૂલ્યાંકન માટે સ્ટેટ-ટુ-સ્ટેટ Access for ELLs® 2.0 માં એસેસિંગ કોમ્પ્રિહેંશન એન્ડ કોમ્યુનિકેશન** લે. આમાં જિલ્લાના ELL અથવા ડ્યુઅલ લેંગ્વેજ પ્રોગ્રામ્સ (દ્વિભાષી પ્રોગ્રામ)માં ***નોંધાયેલા*** વિદ્યાર્થીઓનો તેમ જ એવા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે કે જેમના માતા-પિતાએ1] ભાષા સહાયક સેવાઓ મેળવવાનો ***ઇનકાર*** કર્યો છે. ACCESS વિદ્યાર્થીની શ્રવણ, વક્તૃત્વ, વાંચન અને લેખનમાં નિપુણતાનું મૂલ્યાંકન કરે છે, જેમાં શામેલ છે:

- અંગ્રેજી ભાષા શીખવામાં પ્રગતિ.
- વર્તમાન સામાજિક અને શૈક્ષણિક અંગ્રેજીમાં નિપુણતાનું સ્તર.

તમારું બાળક ACCESS ટેસ્ટ - જે માત્ર થોડા જ દિવસો લે છે - જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન પૂર્ણ કરશે.

વિગતો નીચે મુજબ છે:

- **ગ્રેડ (ધોરણ) 1-3 ના વિદ્યાર્થીઓ** કમ્પ્યુટર પર શ્રવણ, વાંચન અને વક્તૃત્વનું મૂલ્યાંકન લેશે. લેખનનું મૂલ્યાંકન પેપર/પેન્સિલ ટેસ્ટ તરીકે આપવામાં આવશે.

- **ગ્રેડ (ધોરણ) 4-8 ના વિદ્યાર્થીઓ** ચારે મૂલ્યાંકનો કમ્પ્યુટર પર લેશે.

- **કિન્ડરગાર્ટન / બાલમંદિરના વિદ્યાર્થીઓના** ચારેય મૂલ્યાંકનો -- શ્રવણ, વક્તૃત્વ, વાંચન અને લેખન - કાગળ/પેન્સિલનો ઉપયોગ કરીને શિક્ષક દ્વારા વ્યક્તિગત રીતે લેવામાં આવશે. સમગ્ર મૂલ્યાંકન પૂર્ણ કરતાં 30-45 મિનિટ્સ જેટલો સામે લાગશે.

તમારા બાળકને ACCESS મૂલ્યાંકનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં મદદ કરવા માટે એ સુનિશ્ચિત કરો કે તે મૂલ્યાંકનના સમયગાળા (જાન્યુઆરી / ફેબ્રુઆરી) દરમિયાન રોજ શાળામાં હાજર રહે. તમારા બાળકને પરીક્ષણ દરમિયાન માર્ગદર્શન માટે શિક્ષકને કોઈપણ પ્રશ્નો પૂછવાનું યાદ કરાવો. તમને તમારા બાળકના પરીક્ષણ પરિણામો શાળાના આગામી વર્ષની શરૂઆતમાં પ્રાપ્ત થશે.

*ACCESS for ELLs® 2.0 વિશે વધારાની માહિતી તમારા માટે આ પત્રની પાછળ આપવામાં આવી છે.* જો તમને મૂલ્યાંકન અંગે કોઈપણ પ્રશ્નો અથવા ચિંતાઓ હોય, તો કૃપા કરીને તમારા બાળકના શિક્ષકનો સંપર્ક કરો અથવા મને 847-299-1900 x 8406 પર કૉલ કરો.

આપનો વિશ્વાસુ,

એરિન સ્ટર્લિંગ
ELL/દ્વિભાષી સેવાઓનો નિયામક
ઈસ્ટ માઈને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ 63

**ACCESS for ELLs® 2.0 અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો**

1. **ACCESS for ELLs® 2.0 શું છે?**

   ACCESS for ELLs® 2.0 એ માનક-આધારિત, ભાષા નિપુણતા પરીક્ષણ છે જે અંગ્રેજી ભાષા શીખનારાઓની અંગ્રેજીમાં સામાજિક અને શૈક્ષણિક નિપુણતાને માપવા માટે રચાયેલ છે. તે સામાજિક અને સૂચનાત્મક અંગ્રેજી તેમજ ભાષા કળા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક અભ્યાસ સાથે સંકળાયેલી ભાષાનું શાળાના સંદર્ભમાં ભાષાના ચાર મુખ્ય ક્ષેત્રોમાં મૂલ્યાંકન કરે છે : શ્રવણ, વક્તૃત્વ, વાંચન અને લેખન

2. **ACCESS for ELLs® 2.0 લેવાની જરૂર કોને છે?**

   સાર્વજનિક સ્કૂલ ડિસ્ટ્રિક્ટોએ (જાહેર શાળા જિલ્લાઓએ) આકારણી માટે ACCESS for ELLs® 2.0 નો ઉપયોગ કરીને K-12 ગ્રેડમાં ઓળખાયેલા તમામ અંગ્રેજી શી ખનારાઓનું વાર્ષિક મૂલ્યાંકન કરવું જરૂરી છે. <u>આમાં એવા તમામ સમાવેશ થાય છે જેમના માતા-પિતાએ ભાષા સહાય સેવાઓ મેળવવાનો ઇનકાર કર્યો છે.</u> અંગ્રેજી શીખનારાઓએ જ્યાં સુધી તેઓ અંગ્રેજીમાં નિપુણ ગણાવવા માટે રાજ્ય દ્વારા નિર્ધારિત લઘુત્તમ સ્કોર પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી પરીક્ષા આપવી આવશ્યક છે.

3. **અંગ્રેજીમાં નિપુણ ગણાવા માટે વિદ્યાર્થીએ નિપુણતા સ્તરનો કેટલો સ્કોર મેળવવો જરૂરી છે?**

   જૂન 2017 સુધીમાં, જે વિદ્યાર્થીઓ વાર્ષિક સંચાલિત રાજ્ય-મંજૂર અંગ્રેજી ભાષાની નિપુણતા પરીક્ષા, **ACCESS for ELLs® 2.0** પર **4.8 નું એકંદર સંયુક્ત નિપુણતા સ્તર** મેળવે છે, તેઓને અંગ્રેજીમાં નિપુણ ગણવામાં આવે છે અને તેઓને હવે માટે અંગ્રેજી સેવાઓની જરૂર નથી.

ડો. શૌન સ્લાઇઝાર, અધિક્ષક

*બદલાતી દુનિયામાં સફળ થવા માટે તમામ વિદ્યાર્થીઓને સશક્ત બનાવનાર*

10150 Dee Road, Des Plaines, IL 60016 847.299.1900 www.emsd63.org